KEEP EALING SAFE

NHS Test and Trace

Ealing
www.ealing.gov.uk

# કોઈ જરૂરી સફર માટે બહાર જઈ રહ્યા છો? ફ્રી પરીક્ષણ કરાવો

**ગત વર્ષથી તમે Ealingને સલામત રાખવા માટે જે બધું કરી રહ્યા છો તે બદલ આભાર. આપણે લોકડાઉનથી બહાર નીકળતાં પહેલાં, આપણા બરોમાં COVID-19ના ઉંચા દરને નીચે લાવવો પડશે. અમે તમને સુરક્ષિત રાખવા માંગીએ છીએ. કૃપા કરીને લોકડાઉનના નિયમોનું પાલન કરવાનું ચાલુ રાખો, ઘરે રહો, તમારા બહાર જવાના સમયેને મર્યાદિત રાખો અને શક્ય હોય ત્યાં સુધી અન્ય લોકો સાથે સંપર્કને ટાળો.**

આપણા બરોમાં ખૂબ ઓછી સંખ્યામાં લોકોને સાઉથ આફ્રિકન વેરિઅન્ટ હોવાનું જાણવા મળ્યું છે. એવા કોઈ પુરાવા નથી કે તે લોકોને વધુ બીમાર બનાવે છે અથવા રસીઓ તેની સામે રક્ષણ આપશે નહીં.

આવતા મહિને, જેઓ પરવાનગી આપવામાં આવેલ કારણોસર ઘરની બહાર જાય છે એવા 16 વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોએ લક્ષણો ન હોય, તો પણ ફ્રી COVID-19 પરીક્ષણ કરાવવું જોઈએ. એવા લોકો કે જે તબીબી રીતે અત્યંત સંવેદનશીલ હોય અને પરીરક્ષિત હોય તેમણે પરીક્ષણ માટે ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં.

અમે બરોમાં વધારાના પરીક્ષણ કેન્દ્રો બનાવ્યા છે (આગળ જુઓ) અને રોવિંગ પરીક્ષણ એકમના વિસ્તારને પણ વધારતા રહીશું.

અમે જાણીએ છીએ કે વધુ ગંભીર માંદગી અને મૃત્યુ સાથે, કાળા અને એશિયન પૃષ્ઠભૂમિવાળા લોકોને સૌથી વધુ અસર થઈ છે. તેથી અમે ખાસ કરીને આ સમુદાયોમાં પરીક્ષણમાં વધારો કરવા માટે આતુર છીએ.

જો તમને રસી ઓફર કરવામાં આવે છે, તો કૃપા કરીને તેને લેવાનું ભૂલશો નહીં.

# આ પરીક્ષણ સાઈટ્સ પૈકી કોઈ પર પરીક્ષણ કરાવો




તારીખો અને સમય અલગ-અલગ છે

તારીખો અને સમય અલગ-અલગ છે

રોવિંગ અને મોબાઈલ પરીક્ષણ સાઈટ્સ માટે વેબસાઈટ તપાસો

# પરીક્ષણ કેવી રીતે કરાવવું

બે પ્રકારની પરીક્ષણ સાઈટ્સ છે – એક લક્ષણોવાળા લોકો માટે અને બીજી એવા લોકો માટે કે જેઓ લક્ષણો બતાવતા નથી.

## શું તમને COVIDના લક્ષણો છે?

સ્થાનિક પરીક્ષણ કેન્દ્ર પર પરીક્ષણ બુક કરાવો અને તમારા પરિવાર સાથે સેલ્ફ-આઈસોલેશનમાં રહો

- Featherstone Terrace Car Park
  Southall UB2 5AL
- Michael Flanders Centre
  Acton W3 8PP
- Gurnell Leisure Centre Car Park
  Ealing W13 0AL
- Dormers Wells Leisure Centre Car Park
  Southall UB1 3JB
- Northolt Leisure Centre Car Park
  Northolt UB5 4AB

119

www.nhs.uk/coronavirus

## જો તમને લક્ષણો ન હોય

ફ્રી વોકઅપ પરીક્ષણ કરાવો, તમારે એપોઈન્ટમેન્ટની જરૂર નથી

- Everyone Active Acton Centre
  Acton W3 6NE
- Ealing Central Library
  Ealing W5 5JY
- Perceval House
  Ealing W5 2HL
- Greenford Library
  Greenford UB6 9LG
- Northolt Library
  Northolt UB5 5AS
- Southall Manor House
  Southall UB2 4BJ

www.ealing.gov.uk/CovidTest

# સલામત
# કેવી રીતે રહેવું

**લોકડાઉન નિયમોનું પાલન કરવા અને Ealingને સુરક્ષિત રાખવા બદલ દરેકનો આભાર.**

**જો આપણે લોકડાઉનથી બહાર નીકળવું હોય અને તેમાંથી બહાર જ રહેવું હોય, તો આપણે લોકડાઉન નિયમોનું પાલન કરવાનું ચાલુ રાખવું પડશે અને શક્ય તેટલું ઘરે રહેવું પડશે.**

## ઘરની બહાર નીકળવું

તમે ઘરની બહાર નીકળો છો તે સંખ્યાને મર્યાદિત રાખવાનો પ્રયાસ કરો. માત્ર જરૂરી કારણોસર આવું કરો. અન્યથી તમારું અંતર રાખો, ચહેરાને આવરણથી ઢાંકો અને નિયમીત રીતે તમારા હાથ ધોતા રહો.

## યાદ રાખો

તમે ઘરે અટવાયેલા નથી. તમે ઘરે સલામત છો.

## કોઈ જરૂરી સફર માટે બહાર જઈ રહ્યા છો?

બહાર જાય છે એવા 16 વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોએ લક્ષણો ન હોય, તો પણ ફ્રી COVID-19 પરીક્ષણ કરાવવું જોઈએ.



**હાથ**



**ચહેરો**



**અંતર**

KEEP EALING SAFE

NHS Test and Trace

Ealing www.ealing.gov.uk

# મદદ અને સહાય

## સેલ્ફ-આઈસોલેશન માટે ચુકવણી

**ઓછી આવકવાળા લોકોને સેલ્ફ-આઈસોલેટ થવામાં મદદ માટે અને વધુ લોકોને પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરવા માટે £500 ની સેલ્ફ-આઈસોલેશન સહાયરૂપ ચુકવણી ઉપલબ્ધ છે.**

ક્યાં તો તમારું કોરોનાવાયરસ (COVID-19) માટે પોઝીટીવ પરીક્ષણ થયેલ હોવાને કારણે અથવા તમે એવા કોઈની સાથે સંપર્કમાં આવ્યા હો જેનું પરીક્ષણ પોઝીટીવ હોવાને કારણે, જો તમને NHS દ્વારા સેલ્ફ-આઈસોલેટ થવાનું કહેવામાં આવ્યું હોય, અને તમે માપદંડને પૂર્ણ કરતા હો, તો તમે તમારા સેલ્ફ-આઈસોલેશન સમયગાળા દરમિયાન મદદ માટે £500 ના હકદાર હોઈ શકો છો.

**www.ealing.gov.uk/selfisolationpayments**

## EALING TOGETHER

**જો તમને સેલ્ફ-આઈસોલેટ થવા દરમિયાન, ખરીદી અથવા દવાઓ એકઠી કરવા જેવા રોજિંદા કાર્યો માટે મદદની જરૂર હોય, તો સંપર્ક કરો Ealing Together.**

**020 8825 7170 પર Ealing Together હેલ્પલાઈનને કૉલ કરો**

Ealing Together